જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૧/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૧/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૮૭ કેસ કરી, ૮૪ વ્યક્તિઓને ઝડપી, ૧૧૨ લીટર દેશી દારૂ, ૧૬૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૮૪ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૧ કાર અને ૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૨,૫૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૨/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ધાડ :-** **સમાચાર યાદી નં.૨૩૧૩/૧૭**

**ચાંદખેડા :** વિજયભાઈ અંબાલાલ પટેલ (ઉ.વ.૪૮)(રહે,રોનક બંગ્લોઝ ન્યુસી.જી.રોડ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૧/૧૭ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે વિજયભાઇ તથા તેમનો ભત્રીજો દીપ રજનીકાન્ત પટેલ (ઉ.વ.૨૪) નાઓ પોતાની કન્ટ્રકશન સાઈટથી ગાડીમાં ઘરે આવવા નીકળેલ દરમ્યાન ચાંદખેડા, ન્યુ.સી.જી રોડ I.C.I.C.I બેન્કની પાસે રાજશ્રી બંગ્લોઝ આગળ મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા ઈસમો એ દીપ સાથે ઝપાઝપી કરી પેટની ડાબી બાજુએ તિક્ષ્ણ હથિયારથી ઘા મારી, દીપને ગંભીર ઈજા કરી, દીપે પહેરેલ સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- મતાનો લુંટ કરી ભાગીગયા છે. આ ગુનાની તપાસ પોઈ.શ્રી એ.સી.પટેલ ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૪/૧૭**

**મણીનગર :** મૃષાદભાઈ શશિકાંતભાઈ ખત્રી(ઉ.વ.૩૫)(રહે,કેસરપામ એપાર્ટમેંટ, ICICI બેંકની ગલીમાં, સ્વામીનારાયણ કોલોની, રામબાગ, મણિનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૧/૧૭ રાતના ૨/૩૦ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં ડ્રોઈંગરૂમમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ઘરમાંથી બે પર્સ કે જેમાં રોકડા રૂપીયા ૪૫,૦૦૦/- તથા ડાઈનીંગ ટેબલ પર રાખેલ સોનાના દાગીના કિંમત રૂપીયા ૧,૧૫,૦૦૦/- મત્તાના તથા એક ટાઈટન કંપનીની કાંડા ઘડીયાળ કિંમત રૂપીયા ૫૦૦/- તથા એક સોની કંપનીનું VAIO મોડલનું લેપટોપ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- મતાનું મળી કુલ રૂપિયા ૧,૭૫,૫૦૦/- ની મતા તેમજ થાઈલેન્ડની કરંસી ૪,૦૦૦/- બાથની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી ટી.એન.મોરડીયા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૧૫/૧૭</u>**

**ગાયકવાડ હવેલી :** નંદકિશોર કૈલાસભાઇ બ્રહ્મભટ્ટ (રહે,ગુજરાત હાઉસીગ બોર્ડ ગાયત્રી મંદીરની પાસે બાપુનગર) એ તા.૧૬/૧૧/૧૭ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૧૧/૧૭ ના કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે વિકટોરીયા ગાર્ડન આગળ ચાર રસ્તા પાસે રાયખડ તરફથી એલીસબ્રીજ તરફ જતા રોડ ઉપર એક અજાણ્યો ઓટોરીક્ષાના ચાલક (જેનુ નામ-ઠામ કે નંબર જણવા મળેલ નથી તે) પોતાની કબજાની ઓટોરીક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, નંદકિશોરનાં મિત્ર વિજયકુમારનાં પિતાશ્રી રમાશંકર બાજીલાલ જાદવ(રહે.દેવરીયા ઉત્તરપ્રદેશ) નાઓને ટક્કર મારી, શરીરે ગંભીર ઇજાઓ પહોંચાડતાં, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૧૧/૧૭ રાતના ૯/૩૦ વાગે રમાશંકર નાઓનું મૃત્યુ નિપજ્યુ હતુ આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી પી.એન.સોઢા ચલાવે છે.

**<u>લીફ્ટ નીચે દબાઇ જતાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૧૬/૧૭</u>**

**જી.આઇ.ડી.સી.વટવા :** વિજયભાઇ સતેન્દ્ર ચંદ્રદાસ (ઉવ.૩૪)(રહે,જશોદાનગર પરિમલ પાર્ક ની સામે રાજુભાઈ રબારી ની ચાલી જીઆઈડીસી વટવા) તા.૧૬/૧૧/૧૭ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે જીઆઈડીસી વટવા ફૈઝ-૨ મા આવેલ “ઉમા ડાઈકેમ ઈન્ડસ્ટ્રીઝ” મા મજુરી કરતા હતા દરમ્યાન માલવાહક લિફ્ટ મા માલ ચડાવી, લીફ્ટ ચાલુ કરતા જે લીફ્ટ નીચે મરણજનાર તથા બીજો એક ભાઈ દાદુરામ કોલ નાઓ દબાઇ જતાં, વિજયભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે જી.આઇ.ડી.સી.વટવા પોલીસ અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એલ.ડાભી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.